અપીલ અરજી નં.૩૯૧, તા.૫–૩–૦૯

અરજદારઃ શ્રી અમ્રતભાઈ જીવરામભાઈ પટેલ
સામાવાળાઃ ડે.કમિશ્નર (હે. અને હો.) અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી અમ્રતભાઈ જીવરામભાઈ પટેલની તા.૩–૨–૦૯ ની અરજીથી આકારણીને લગતા નિયમો અને તેને લગતી મુદ્દા નં.૧ થી ૧૧ ની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૫–૩–'૦૯ ની અપીલ અરજી નં.૩૯૧ /૨૦૦૮–૦૯

શ્રી અમ્રતભાઈ જીવરામભાઈ પટેલની તા.૩–૨–૦૯ ની અરજીથી આકારણીને લગતા નિયમો અને તેને લગતી મુદ્દા નં.૧ થી ૧૧ ની માહિતી આપવા બાબતે આપેલ માહિતીમાં પ્રશ્ન નં.૧૧,અને ૧૧ અ–બ, ની માહિતી અધુરી અને ખોટી આપેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૫–૩–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૪૭ તા.૧૯–૩–૦૯ થી ડે.કમિશ્નર (હે. અને હો.) અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને સા.ઈ.ઝોન/મહેકમ/૪૫૨૩ તા.૨૩–૩–૦૯ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે.

અરજદારની તા.૩–૨–૦૯ ની અરજી બાબતે માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૧૧ અને ૧૧અ–બ ની માહિતી અધુરી અને ખોટી હોવાની અપીલ અરજીમાં રજુઆત કરેલ છે. અરજદારે અપીલ અરજીમાં અંબિકાપાર્ક–૧ કૈલાસનગર, ઓમનગર અને અંબિકાભાગ–૨ ના કોમન પ્લોટની ક્ષેત્રફળ કેટલા ચો.મી. છે અને દબાણ થયા પછી કેટલા ચો.મી. છે તેની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને સા.ઈ.ઝોન/મહેકમ/૪૧૮૩ તા.૨૭–૨–૦૯ ના પત્રથી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ. જેમાં મુદ્દા નં.૧૧ ની માહિતી સદર સોસાયટીઓના કોમન પ્લોટમાં કેટલા ચો.મી. છે તે જણાવવામાં આવેલ. તેમજ કોમન પ્લોટના દબાણ કર્યા બાદનું કોમન પ્લોટ વિસ્તારના સ્થળે પૂરેપૂરી જમીનની બાઉન્ડ્રી મુજબ કોમન પ્લોટની માપણી કર્યા બાદ જ મંજુર લે આઉટ પ્લાન સાથે સરખાવી તેનો તફાવત જાણી શકાય તેમ હોઈ કોમન પ્લોટમાં દબાણ થયેલ વિસ્તારનું ક્ષેત્રફળ અત્રે રેકર્ડમાં ઉપલબ્ધ નથી તેવી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ છે.ત્યાર બાદ અપીલ તબકકે સા.ઈ.ઝોન/મહેકમ/૪૪૯૩ તા.૨૧–૩–૦૯ થી મંજુર પ્લાનમાં દર્શાવ્યા મુજબ સીઓપીનો એરીયા ચો.મી. અને સ્થળ તપાસણી દરમ્યાન મળેલ ખુલ્લા સીઓપીનો એરીયા આશરે ચો.મી.માં તુલનાત્મક પત્રક સાથે અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

આરટીઆઈ કાયદાની કલમ–૨(એફ) અને ૨ (જે) થી કરેલ જોગવાઈ અનુસાર જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાનો સમાવેશ થાય છે. જેથી જે માહિતી જાહેર માહિતી અધિકારીના દફતરે ઉપલબ્ધ ન હોય તેવી પૂરી પાડવાનો પ્રશ્ન રહે નહી અને તે ધ્યાને લેતાં જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને પ્રથમ તબકકે આપેલ માહિતી પર્યાપ્ત અને સંતોષકારક ગણાય. તેમ છતાં જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરક માહિતી પત્ર ધ્વારા સ્થળ તપાસ અનુસારની માહિતી પણ જાહેર માહિતી અધિકારી ધ્વારા પૂરી પડાયેલ છે તે સંજોગોમાં તકરારનું કોઈ કારણ રહેતું નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩–૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૧૧ અને ૧૧/અ–બ અંગે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અપીલના તબકકે સા.ઈ.ઝોન/મહેકમ/૪૪૯૩ તા.૨૧–૩–૦૯ થી મંજુર પ્લાનમાં દર્શાવ્યા મુજબ સીઓપીનો એરીયા ચો.મી. અને સ્થળ તપાસણી દરમ્યાન મળેલ ખુલ્લા સીઓપીનો એરીયા આશરે ચો.મી.માં તુલનાત્મક પત્રક સાથે અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. આથી માહિતી સબંધે કોઈ હુકમ કરવાનો રહેતો નથી અને અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪ –૦૯.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ડે .કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન), ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી અમરતભાઈ જીવરામભાઈ પટેલ,